ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૬-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### પાકિસ્તાનને એની હેસિયતનો અહેસાસ કરાવવો જરૂરી

મ્યાંમારની હદમાં ઘૂસીને 'ઓપરેશન ઓલઆઉટ' પાર પાડ્યા પછી સેનાના મોરલમાં ઉછાળો આવ્યો છે. આતંકવાદી પરિબળોને એમની જ ભાષામાં જવાબ આપવો જોઇએ, એની સૈન્ય અને સરકાર બેઉને પ્રતીતિ થઇ ગઇ છે. હવે એક વાર આતંકી નાગનું માથું ભાંગી નાંખ્યું છે ત્યારે એ છંછેડાઇને બદલો લેવાની પ્રયાસ પણ કરશે. 'આઇ.બી.' દ્વારા આવા સંકેતો મળતાં સેનાએ સાબદા રહેવાની તૈયારી રાખી જ હોય. આગામી દિવનસોમાં યુદ્ધની ભેરી વાગી શકે! કેન્દ્ર સરકારે પણ આ પ્રકારની કાર્યવાહીને બિરદાવી છે અને રાજયવર્ધન રાઠોડ તથા જાવડેકર જેવા મોદી સરકારના યુવાન મંત્રીઓએ તો મ્યાંમાર જેવી કાર્યવાહી પાકિસ્તાનની હદમાં પણ થઇ શકે છે, એવી સ્પષ્ટ ચીમકી આપી છે. એથી પાકિસ્તાની સેનાથી લઇ નવાજ શરીફ સરકારને મરચાં લાગ્યાં છે. એક પછીએક આકરાં નિવેદનો ઝીંકાઇ રહ્યાં છે. પોતાના જ દેશમાં અપ્રિય બની ગયેલા અને બેનઝીર ભુટ્ટોની હત્યામાં સામેલગીરીના આરોપસર અદાલતી ખટલાનો સામનો કરી રહેલાં પૂર્વ પાક વડા જનરલ મુશર્રફને પણ એમની રાષ્ટ્રભાવના વ્યક્ત કરવાનો મોકો મળી ગયો છે. લુચ્ચા શિયાળની જેમ હરહંમેશ ભારત વિરુદ્ધ કાવતરાં કરીને પોતાના દેશની પ્રજાને બાનમાં રાખતા આવેલા મુશર્રફ અત્યારે સાવ જ ફેંકાઇ ગયેલા નેતા છે, પરંતુ આર્મીના સરસેનાપતિ રહી ચૂકેલા હોઇ અત્યારે એમને લશ્કરી નિવેદન કરવાની સોનેરી તક સાંપડી છે. મુશર્રફે ભારત સામે બાંયો ચડાવીને કહ્યું છે કે અમે લોકોએ બંગડીઓ નથી પહેરી. પાકિસ્તાન એ બર્મા નથી. વળી અમે જે પરમાણું બોમ્બ બનાવ્યા છે તે શબે બારાતની ઉજવણી માટે નથી બનાવ્યા! ટૂંકમાં પૂર્વ પાક પ્રમુખ અને સૈન્ય વડાએ જરુર પડ્યે ભારત સામે અણુયુદ્ધની ધમકી ઉચ્ચારી છે. પાક સરહદમાં ઘૂસીને આતંકીઓને ઠાર મારવાના કેન્દ્રીય રાજયમંત્રી કર્નલ રાજયવર્ધનસિંહ રાઠોડના નિવેદનને પગલે પાડોશી દુશ્મન રાઠોડના નિવેદનને પગલે પાડોશી દુશ્મન દેશમાં હોબાળો મળી ગયો છે. ચીનને પણ ભારતની આ 'ઇઝરાયેલવાળી' સામે વાંધો રહેવાનો જ; પાકિસ્તાનના ગૃહમંત્રી ચૌધરી નિસાર અલી ખાને હિંદુસ્તાન દિવાસ્વપ્નો જોવાનું બંધ કરી શિખામણ પણ આપી દીધી છે કે ભારત એવી મૂર્ખાઇ કરી બેસશે તો એને ભારે પડી જશે. પાક સૈન્ય વડાથી લઇ સરકારના જવાબદાર નેતાઓ ભારતના બદલાયેલા 'તેવર'થી ડઘાઇ ગયા છે. સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ભારતીય નેતાઓનાં આવાં નિવેદનોથી બે દેશો વચ્ચેનો તનાવ વધશે અને મંત્રણાનો માહોલ બગડશે એવી ચીમકી ઉચ્ચારી છે. ટૂંકમાં મોદી સરકારે આયોજનપૂર્વક પાકિસ્તાનને ઉશ્કેરી મૂકીને એની પ્રજાકીય ઇમેજ ઉપસાવવામાં સફળતા મેળવી છે. કોંગ્રેસી નેતાઓ પાસે મોદીની આ આક્રમકતાનો જવાબ નથી. સૈન્ય પોતે સ્વીકારે છે કે સરકારે પહેલી જ વાર એને બીજા દેશની સરહદમાં ઘૂસી ઉગ્રવાદીઓનો સફાયો કરવાની છૂટ આપી હતી. હવે પછી આ પ્રકારની કાર્યવાહી અન્ય સરહદો પર પણ થશે, એથી ભારતીય સેનાની શાખ અને ધાક વધશે, એ પણ સાચું છે. જયારે કોંગ્રેસના પ્રવક્તા એમ કહેતા હોય કે કેન્દ્ર સરકાર આવી ગોપનીય રાખવાલાયક બાબતનો વધુ પડતો પ્રોપેગેન્ડા કરી રહી છે અને સેનાની સફળતાનો રાજકીય જશ ખાટવાની કોશીશ કરી રહી છે, ત્યારે એમની આંતરરાષ્ટ્રીય ડિપ્લોમસીથી આમજતના પ્રભાવિત થવાની નથી. પ્રજાને તો દુશ્મન દેશમાં ઘૂસી જઇને વેરની વસૂલાત કરનાર બલકે જરુર પડ્યે આગોતરો હુમલો કરી આતંકવાદી ઘટના અટકાવવાની લશ્કરી નીતિ જ ગમશે. એથી કદાચ યુદ્ધ થવાનું હોય તો પણ ભલે થઇ જાય. આવી કાર્યવાહી અગાઉ પણ થઇ ચૂકી છે પરંતુ યુપીએ સરકાર એનો ઢંઢેરો નહોતી પીટતી એ મતલબના નિવેદનોનો કોઇ અર્થ નથી. દુશ્મન દેશને એની જ હદમાં જઇ પરાજિત કર્યા પછી પણ અગાઉની સરકારોને આંતરરાષ્ટ્રીય દબાણોને વશ થઇ પોતાનું સૈન્ય પાછું હટાવવું પડેલું છે. એથી તો ઉલટાની પાકિસ્તાન જેવા કાવતરાખોર દેશનો જ હાથ ઉપર રહ્યો છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પત્રકારત્વના કોર્સમાં પ્રવેશની તક

### એક વર્ષના પીજી ડિપ્લોમા કોર્સમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે : કોઈપણ વિષયના ગ્રેજ્યુએટ પ્રવેશને પાત્ર

ગાંધીનગર, તા. ૧૨

આજના સમયના બૂમીંગ કેરિયર ઑપ્શન જર્નાલિઝમ એટલે કે પત્રકારત્વ વિષયમાં પધ્ધતિસરની તાલીમ માટે ગાંધીનગરની સર્વપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓને ઈજન પાઠવવામાં આવ્યું છે.

વિશ્વવિદ્યાલય દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે સમાચાર એ યુગોથી માનવીના રસનો વિષય રહ્યા છે અને સમાચારનો પ્રસાર કરનારા લોકો હંમેશા સમાજમાં એક અલગ સ્થાન પામ્યા છે. એ જ કારણસર અખબાર જગતને ચોથી જાગીર કહેવામાં આવે છે. પત્રકારત્વનો વ્યવસાય એ નામ અને દામ બંને અપાવતો વ્યવસાય છે ને આજની તારીખે તેને આજનો મોસ્ટ હેપનીંગ, ચેલેન્જીંગ અને પ્રેસ્ટીજીયસ વ્યવસાય ગણવામાં આવે છે.

વ્યવસાયના વધતા મહત્ત્વની સાથે તેના માટે કાર્ય કરનારા તાલીમબદ્ધ લોકોની માગ પણ એટલી જ વધી છે. એ કારણસર પત્રકારત્વની પધ્ધતિસરની તાલીમ આજે અત્યંત જરૂરી બની ગઈ છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આ જરૂરિયાત પારખીને પાંચ વર્ષથી પત્રકારત્વનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવ્યો છે, જેના દ્વારા તાલીમ પામેલા વિદ્યાર્થીઓ આજે સફળતાપૂર્વક સરકારી કે ખાનગી ક્ષેત્રમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકયા છે. ઉલ્લેખનીય છે કે વિશ્વવિદ્યાલયમાં પત્રકારત્વની તાલીમ પામેલા ૧૦૦ ટકા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળ્યું છે.

પત્રકારત્વના વિદ્યાર્થીઓ ન માત્ર અભ્યાસમાં પરંતુ યુથ ફેસ્ટીવલ જેવા પ્રસંગોએ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લઈ ઈનામો મેળવી શક્યા છે એ આ વિભાગની સફળતા છે. વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતા પત્રકારત્વના કોર્સમાં પત્રકારત્વના પાયાના સિધ્ધાંતો, માસ કમ્યુનિકેશન, ટ્રાન્સલેશન, સર્જનાત્મક લેખન, ઍડીટીંગ, રિપોર્ટીંગ, મીડિયા લૉ, ઈલૅક્ટ્રોનિક મીડિયા માટે પ્રૉડક્શન અને રિપોર્ટીંગ તથા પબ્લિક રિલેશન જેવા અત્યંત જરૂરી વિષયોને આવરી લેવામાં આવ્યા છે. સંબંધિત વિષયોના નીવડેલા, અનુભવી નિષ્ણાતો દ્વારા આ વિષયોની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે, જેનાથી વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ ઊડીને આંખે વળગે છે.

કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને કોઈપણ વિષયમાં ગ્રૅજ્યુએશન પૂર્ણ કર્યા પછી આ કોર્સમાં પ્રવેશ મેળવી શકાય છે. વર્ગોનો સમય સાંજે ૬.૩૦થી ૮.૩૦ દરમ્યાનનો રાખવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત લેવાની હોવાથી આજના સમયના મોસ્ટ હેપનીંગ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડવા માગતા અને જેમને લખવાનો મહાવરો કે શોખ છે એવા સૌ અભ્યાસુઓને આ કોર્સમાં સત્વરે પ્રવેશ મેળવી લેવા વિશ્વવિદ્યાલય દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે. કોર્સ અંગેની વધુ માહિતી માટે મિતેષ મોદીનો (૮૪૦૧૮ ૬૩૨૨૯ / ૯૪૨૭૮ ૩૨૭૮૫) સંપર્ક કરવા વધુમાં જણાવાયું છે.

### સે-૨૯ મહમદ પયગંબર સાહેબની વસ્તુઓ દર્શનાર્થે મુકાશે

બયતુલમાલ ગાંધીનગર દ્વારા બે દિવસીય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૩, ૧૪ જૂન શનિવાર અને રવિવારના રોજ સવારે ૧૦ થી ૫ કલાક સુધી સે-૨૯ મદીના મસ્જીદ ખાતે હજરત મહંમદ પયગંબર સાહેબની અલભ્ય વસ્તુઓનું દિદાર (દર્શનાર્થે) મુકાશે. જેનો લાભ લેવા દરેકને આમંત્રણ પાઠવ્યું છે.

### આજે સેક્ટર-૩-ડીમાં ડાયરો યોજાશે

સેક્ટર-૩-ડી સાંઈબાબા મંદિર ખાતે આજે શનિવાર સાંજે ૮.૩૦ વાગે સત્સંગી ડાયરો યોજાશે. ડાયરામાં વિક્રમ પનારા અને સાથી કલાકારો મોજ કરાવશે. નગરની જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

### રેશનલ સમાજની આજે બેઠક મળશે

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક ૧૩મી જૂન-૨૦૧૫ને શનિવારે સાંજે ૫.૦૦ કલાકે, બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે મળશે. જેમાં જાણીતા સાહિત્યકાર પ્રવિણભાઈ ગઢવી 'ગુજરાતનો પ્રથમ રેશનાલિસ્ટ - કવિ અખો' એ વિષય ઉપર પોતાનું વક્તવ્ય આપશે તો સર્વે સભાસદ મિત્રોએ બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

### જી.ઈ.બી. ખાતે બે દિવસીય પુસ્તક મેળાનું આયોજન

પેથાપુર સ્થિત ગાયત્રી સાધના પ્રચાર કેન્દ્ર દ્વારા બે દિવસીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૪ અને ૧૫ જૂનના રોજ સવારે ૯ થી સાંજના ૬.૩૦ કલાક સુધી પુસ્તકો વેચાણ અર્થે મુકાશે. જેમાં ૩૨૦૦ થી વધુ પુસ્તકોની રચના કરનાર યુગઋષિ શ્રીરામ શર્માનું સાહિત્ય પણ પુસ્તક મેળામાં મુકવામાં આવશે. જી.ઈ.બી. કોલોનીમાં આવેલ રિક્રીએશન ક્લબ હોલમાં સાહિત્યના ભંડારસમા પુસ્તકો અડધી કિંમતે મેળવી શકાશે.

## ચિલોડા ખાતે શાળા પ્રવેશોત્સવ ધામધૂમથી ઉજવાયો

ચિલોડા, તા.૧૨

ગાંધીનગર તાલુકાના ચિલડા પ્રા. શાળા ખાતે આજે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો જેમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવમાં ભૂલકાઓએ ગૌરવગાન અને યોગનું નિદર્શન કરી ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રવેશોત્સવમાં ધો-૧માં ૩૭ અને ધો-૯માં ૯૭ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું.


(તસવીર : નટુભાઈ પટેલ)

શાળા પ્રવેશોત્સવમાં નાયબ વન સંરક્ષક કે.ટી. પરમાર અને તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો અને શાળામાં દૂરના અંતરેથી ભણવા આવતા ૨૨ બાળકો માટે નિઃશુલ્ક પરિવહન સેવાનો ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા લીલી ઝંડી દર્શાવી શુભારંભ કરાયો હતો. શંભુજી ઠાકોરે તેમના પ્રાસંગિક પ્રવચનમાં શાળા ગુણોત્સવ દરમિયાન વધુ સારો ગ્રેડ પ્રાપ્ત કરવા શુભેચ્છા પાઠવી શૈક્ષણિક ગુણવત્તા સુધારવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગામના અગ્રણીઓ જૈમીન પટેલ દ્વારા તિથી ભોજન, લતાબેન પટેલ દ્વારા પુસ્તક દાન, અંજનાબેન દ્વારા તેજસ્વી તારલાઓને કંપાસ બોકસ, મંગીબેન પટેલ દ્વારા ચોપડા અને તખતસિંહ ઠાકોર દ્વારા પેનોનું દાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભૂલકાઓને રમકડાં, સ્ટેશનરી તેમજ તેજસ્વી તારલાઓને ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ પણ કરાયું હતું. કાર્યક્રમમાં ચિલોડાના સરપંચ સવાજી ઠાકોર અને સેવા મંડળીના ચેરમેન જયંતિભાઈ પટેલ સહિત અગ્રણીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



શિક્ષણકાર્ય શરૂ થઈ ગયું છે. વિદ્યાર્થીઓ શિક્ષણ સામગ્રી મેળવવા બજારોમાં ભીડ લગાવી રહ્યા છે. પરંતુ ગરીબ વિદ્યાર્થીઓ ક્યાં જાય ? ત્યારે આદિશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ ગરીબ બાળકોને સહાય કરવામાં આવી હતી. બાળકોને ફૂલસ્કેપ ચોપડા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા છેલ્લા ચાર વર્ષથી સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે.


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

### ગરીબ બાળકોને ચખાડયો કેરીનો સ્વાદ

ફળોનો રાજા ગણાતી કેરીનો ભાવ આસમાનને આંબી જાય છે ત્યારે તવંગર લોકો તો કેરીનો સ્વાદ માણે છે પરંતુ ગરીબી રેખામાં જીવતા ઝુંપડપટ્ટીના લોકોને ભાગ્યે જ સ્વાદ ચાખવા મળતો હશે. ત્યારે યુનાઈટેડ ચેરીબલ ટ્રસ્ટના ડૉ. હાર્દિક તલાટી અને તેમની ટીમ દ્વારા ગરીબ પરિવારના બાળકોને કેસર કેરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોના મુરજાયેલા ચહેરા પર મુસ્કાન લાવવામાં આવી હતી. ૧૦૦ કિલો કરતા વધુ કેરીનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું.

## શાળા પ્રવેશોત્સવની ઝાકમઝોળમાં શિક્ષણનું કથળતુ સ્તર વિસરાયું

### રાજ્યમાં મોટાપાયે શિક્ષકોની ઘટ, અપુરતી પરિવહન સેવા અને શિક્ષકો પર સરકારી કાર્યક્રમોની વ્યસ્તતાએ શિક્ષણની ગુણવત્તા ઘટાડી

ગાંધીનગર, તા. ૧૨

સમગ્ર રાજ્યમાં હાલ શાળા પ્રવેશોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. પરંતુ બીજી તરફ રાજ્યમાં શિક્ષણનું સ્તર સતત કથળતુ જઈ રહ્યું છે તે એક નિર્વિવાદ હકીકત છે. સરકાર દ્વારા ભૌતિક સગવડો પુરી પાડવામાં આવી રહી છે પરંતુ શિક્ષકોની ઘટ, અપુરતી પરિવહન સગવડ અને શિક્ષકો પર સરકારી કાર્યક્રમો સહિત અન્ય કામોના વધતા જતા ભારણને કારણે બાળકોના ભાવિ પર ગંભીર અસરો જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં બાળકોની સંખ્યા સામે શિક્ષકોની સંખ્યા અપૂરતા પ્રમાણમાં છે. જેના કારણે શિક્ષણની ગુણવત્તા પર અસર પડી રહી છે. સે. ૨૧ની પ્રાથમિક શાળામાં ૨૦૦ વિદ્યાર્થીઓ માટે એક આચાર્ય અને માત્ર બે શિક્ષકો જ છે. આવી પરિસ્થિતિ અન્ય શાળાઓની પણ છે. ભારે ઝાકમઝોળ અને ઢોલનગારા પીટીને શાળા પ્રવેશોત્સવ ઉજવાય છે, તે દરમ્યાન ઘણા બાળકોને શાળામાં પ્રવેશ અપાય છે તે પ્રયાસ જરૂર પ્રસંશનીય છે પણ આ બાળકોમાંથી કેટલા બાળકો નિયમિત અભ્યાસ કરે છે તે વિચારવાનો પ્રશ્ન છે. વર્ષ દરમ્યાન શિક્ષકોની ઘટ હોવા છતાં વારંવાર તેમને વિવિધ સરકારી કાર્યક્રમો અને અન્ય બિન-શૈક્ષણિક કાર્યોમાં રોકી રખાય છે જેમાં એસએસસી-એચએસસી બોર્ડની પરીક્ષાઓમાં નિરીક્ષણ કાર્ય વગેરેનો સમાવેશ થાય છે. વળી, સરકારના નિયમ મુજબ વર્ગમાં હાજરી ન હોય તો પણ બાળકોને પાસ કરી દેવા ફરજિયાત હોઈ વિદ્યાર્થીઓને ગંભીરતા આવતી નથી જેની સીધી અસર તેમના શિક્ષણ પર પડે છે.

ઘણીવાર ગરીબ બાળક પહેલા શાળાએ ગયો ના હોય પછી ઉંમર વધી જતા શાળાએ નિચલા ધોરમમાં જવામાં સંકોચ અનુભવે છે. કેટલાય કિસ્સાઓમાં ગરીબ પ્રજાની અજ્ઞાનતાના કારણે બાળકની ઉંમરનો પુરાવો ના હોવાથી પણ શાળા પ્રવેશમાં મુશ્કેલી પડે છે. ગ્રામ્ય વિસ્તારોમાં અનેક જગ્યાએ શાળા એટલી દૂર હોય છે અને પરિવહનની પુરતી સગવડ પણ નથી હોતી જેના કારણે બાળકો શાળાએ જવાથી વંચિત રહી જાય છે. બધા કારણોમાં હાલ તો રાજ્યમાં શિક્ષકોની ઘટ મુખ્ય સમસ્યા બની જવા પામી છે. વિદ્યા સહાયકોમાં પણ સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ભરતી જ નથી થવા પામી. આ સંજોગોમાં શિક્ષણનું સ્તર સુધારવુ એ ખુબ અઘરી બાબત બનતી જાય છે, ગ્રેડેશન ડાઉન થતા જાય છે. સરકાર દ્વારા અનેક ભૌતિક સગવડો પુરી પડાય છે પરંતુ જ્યાં સુધી આ પ્રકારના મૂળભૂત પ્રશ્નો અંગે ધ્યાન નહી અપાય ત્યાં સુધી એક પણ શાળા પ્રવેશોત્સવ સાર્થક થાય તેવું જણાતુ નથી.

# ઉનાળાનો તડકો બધાયે મને કે કમને વેઠ્યો હશે, બધાયે જોયો હશે પીળા વાઘ જેવો તડકો...

## ઉનાળાની બપોર

રણછોડ વી. પરમાર

શીળો ના હોય એને શિયાળો ના કહેવાય, ભીનું ના હોય તેને ચોમાસું ના કહેવાય તો પછી ઊનો ના હોય તેને ઉનાળો કેવી રીતે કહેવાય? પરંતુ આ વખતનો ઉનાળો કંઇક વધારે પડતો ઊનો થઇ ગયો હોય એવું લાગે છે. બેતાલીસ ડિગ્રીનું તાપમાન તો એપ્રિલ માસમાં જ થઇ ગયેલું. મે મહિનાએ સરેરાશ પિસ્તાલીસનો આંકડો સ્વેચ્છાએ સ્વીકારી લીધો છે. પર્યાવરણવાદીઓનું કહેવું છે પૃથ્વીની ચારેકોર ફેલાયેલા ઓઝોનના સ્તરમાં ગાબડાં પડી જવાથી આ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે. વિકાસની ઘેલછામાં ઓતપ્રોત સત્તાધીશોએ એકબાજુ વૃક્ષોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે તો બીજી બાજુ નીલરંગી આસમાનને ધૂમાડા ઓકી ઓકી કાળુ ધબ્બ કરી દીધું છે. માળાવિહોણા થઇ ગયેલા પંખીનું રૂદન હજી સુધી કોઇ ઉદ્યોગપતિને રૂપિયાના ખણખણાટમાં કદી સંભળાયું નથી. ભવિષ્યમાં કોઇને સંભળાશે એવી આશા નથી.

ઉનાળાનો તડકો બધાયે મને કે કમને વેઠ્યો હશે. બધાયે જોયો હશે પીળા વાઘ જેવો તડકો, ખાલીખમ આકાશ, લગીરેક છાંયો ગોતવા ફાંફાં મારતા હોલા, કબૂતર કે કાબર, મૂંગા થઇ ગયેલા ઝાડ, પીળી પડી ગયેલી લીંબોડીઓ, વૃક્ષ નીચે ધરતી માથે પાથરેલી તલ્લકછાંયાની ચાદર, હાંફતા હાંફતા ભીની જગ્યા શોધતા કૂતરા, તાંબાની જેમ તપીને લાલચોળ થઇ ગયેલો ચાંદો, કોઇ કોઇ તરુની તાજી ખીલેલી લાલ-લીલી કૂંપળો, મોગરાની મહેંકતી કળીઓ, અને રાતરાણીના ગુચ્છાદાર ફૂલો. તમે કોઇવાર ગામડે ખેતરમાં ગયા હોવ અને ખેડૂતે હોંશે હોંશે ઊંડા કૂવામાંથી ખેંચી લાવેલું ઠંડુ પાણી પીવાનો લ્હાવો પ્રાપ્ત કર્યો હોય તો જરુર જાણતો કે એના ઘૂંટડે ઘૂંટડે જે અનોખો સંતોષ મળે છે એની સરખામણીમાં કરોડો રૂપિયાની જાહેરખબરોમાં દર્શાવાતા ઠંડા પીણા તો સાવ બિચારાં લાગે. ધરતીમાતા જાતે પોતાનાં અમી ધવરાવતી હોય એવું ના લાગે તો જ નવાઇ!

પીળા વાઘ જેવો તડકો તો ઘણાને લાગ્યો હશે, આગના ભડકા જેવો કંઇકને લાગ્યો હશે, કેટલાકને શિવજીનું ત્રીજું નેત્ર ખુલ્યું છે એવું ય લાગ્યું હશે, પરંતુ સોનેરી હરણ દોડી રહ્યું છે એવું કોને લાગે? સોનેરી હરણની માયાવી દોડને અંત શેમાં આવે? બળબળતી લંકામાં, સાવ સોનાની લંકા ભડભડ બળતી હોય એવું કોને દેખાય? ગુજરાતી સાહિત્યના દિગ્ગજ સુરેશ હ. જોશીએ 'ગ્રીષ્મની બપોર' કાવ્ય રચ્યું છે એનું એક એક કલ્પન જુઓ - છક થઇ જવાશે.

### ગ્રીષ્મની બપોર

બપોર,
નિસ્તબ્ધ અસલતા ચારેકોર.
શિરીષ ઊભાં ગન્ધવિભોર,
લીમડે લીમડે,
મંજરીઓનો શોરબકોર !
અધબીડી દિશાની આંખ,
પંખીઓએ બીડી પાંખ;
ઘૂઘૂઘૂઘૂ ઘૂઘવે હોલો,
ખોલો, ખોલો દ્વાર ખોલો.
તરુએ તરુએ
છાંયાની ગુંથાતી ભાત -
કોના દિલની છાની વાત ?
લહેરે લહેરે ઊના નિસાસા,
કોણે સાવ મૂકી છે આશા ?
પુસંક તામ્ર દીસે વીર્યપ્રકાશ ?
કાચીંડો કાઢે ઉદ્ગાર :
તેજતણો આ શો વિસ્તાર ?
ટચૂકડી કૂંપળની શિરાએ
આજ ગગનનો રસ છલકાયે.
કળીઓ કેરાં કૂમળા વદન,
સૂરજનું એ કરે આચમન.
ઊંડા કૂવાંના શીળા નીર,
શાન્તિનાં ત્યાં ફરકે ચીર.
સોનેરી આ હરણું દોડે -
લંકાનગરી ફરી ભડભડે?

- સુરેશ. હ. જોષી